ખ-૫ સર્કલ પાસે નાસ્તાની લારીઓવાળાની ઉઘાડી લૂંટ : પૌઆની ડીશના રૂ. ૨૦

આખા નગરમાં ચાલતા ભાવ કરતા ડબલ ભાવ વસુલતા નાસ્તાની હાટડીઓવાળા

ગાંધીનગર, તા. ૨૩

શહેરના ખ-પાંચ સર્કલ પાસે કડી સર્વ વિશ્વ વિદ્યાલય હોવાના કારણે અહિંયા નાસ્તાની લારીઓનો રાફડો ફાટી નીકળ્યો છે. વિદ્યાર્થીઓને મળવા આવતા વાલીઓ ક્યારેક લારીઓ ઉપરથી નાસ્તો કરતા હોય છે. ત્યારે અહિંયા નાસ્તાની હાટડીઓ લઈને બેઠેલા લોકો ડબલ ભાવ લેતા હોવાની બૂમ ઉઠવા પામી છે.

ગાંધીનગર શહેરમાં શૈક્ષણિક સંસ્થાઓની આસપાસ વિદ્યાર્થીઓની સંખ્યાને કારણે નાની-મોટી નાસ્તાની લારીઓની હાટડીઓ ઠેક ઠેકાણે લાગી જાય છે. ત્યારે ગાંધીનગરના ખ-પાંચ સર્કલ પાસે સેક્ટર-૧૫માં કડી વિશ્વ વિદ્યાલય આવેલી છે. અહિંયા મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અભ્યાસ અર્થે અમદાવાદ, મહેસાણા, દહેગામ, કલોલ, માણસાથી આવતા હોય છે. તેમજ સંકુલમાં હોસ્ટેલ સુવિધા હોવાના કારણે વિદ્યાર્થીઓને મળવા માટે વાલીઓનો ઘસારો દરરોજ રહેતો હોય છે.

કોલેજની ચારે બાજુ નાસ્તાની હાટડીઓ કતારબંધ લાઈનમાં સવારથી જ ગોઠવાઈ જાય છે. અને કોઈ ગ્રાહક આવ્યો નથી કે તેને કાપ્યો નથી. દાબેલી, પૌઆ, પાણીપુરી સહિતના નાસ્તાનું વેચાણ કરતા વેપારીઓ ટેસ્ટ વગરનો નાસ્તો ડીશમાં પધરાવી દે છે.

ત્યારે અહિંયાથી નાસ્તો કરતા વિદ્યાર્થીઓ અને બહારગામથી આવતા તેમજ રોજીદી અવરજવર કરતા અને ક્યારેક પેટનો ખાડો પુરવા થોડો નાસ્તો કરતા લોકોને ડબલ ભાવ આપવો પડે છે. પૈઆની એક ડીશના બજારમાં ૧૦ રૂપિયા ચાલે છે ત્યારે અહિંયા ૨૦ રૂપિયા ઠોકીને લેવામાં આવે છે. અને તે પણ સ્વાદ વિનાના નાસ્તાના.

ભાવ પુછ્યા વિના નાસ્તો કરતા વ્યક્તિઓની પાસેથી ૨૦ રૂપિયા પૈઆના માંગવામાં આવે છે ત્યારે નાસ્તો કરનારને છેતરાયાનો અહેસાસ થાય છે. ત્યારે આવી લારીઓવાળાએ એક જ ભાવ રાખવો અને બહારથી આવતા નાગરીકો છેતરાય નહિ તે માટે ભાવપત્રક મુકવા પણ લોક માંગ ઉઠી છે.

રાંધેજા પાસે અકસ્માતગ્રસ્ત કારમાંથી બિયરની લુંટાલુંટ થઈ

રાંધેજા વિદ્યાપીઠ પાસે અને પેથાપુર ચોકડી પાસે અકસ્માત થયેલી ગાડીઓમાંથી દારૂ બિયરનો જથ્થો મળ્યો : પુન્દ્રાસણમાં દારૂ-બિયર વેચતા એક ઝડપાયો

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર નજીક પેથાપુર આસપાસના વિસ્તારમાં ગઈકાલે બે અલગ-અલગ સ્થળોએ અકસ્માતો સર્જાયા હતા. જે બંને બનાવમાં અકસ્માતગ્રસ્ત કારમાંથી દારૂ-બિયરનો જથ્થો મળી આવ્યો હતો. જે પૈકી રાંધેજા વિદ્યાપીઠ પાસે સેન્ટ્રો કારમાંથી બિયરના ટીનની રીતસરની લુંટાલુંટ થવા પામી હતી. બન્ને વાહનો તથા દારૂ-બિયર પેથાપુર પોલીસે જપ્ત કર્યા છે. તે ઉપરાંત પુન્દ્રાસણ ગામમાંથી દારૂ-બિયર વેચતા એક શખ્સને પકડવામાં આવ્યો છે.

પેથાપુર ચોકડી પાસે સફારી જીપને અકસ્માત નડ્યો હતો. અકસ્માત બાદ ડ્રાઈવર પળવારમાં ફરાર થઈ ગયો હતો. પોલીસે અકસ્માતગ્રસ્ત સફારી ચેક કરતાં તેમાંથી ૬૦ બોટલ વિદેશી દારૂ મળી આવ્યો હતો. પોલીસે મુદ્દામાલ સાથે સફારી જપ્ત કરી બુટલેગર સુધી પહોંચવા તજવીજ શરૂ કરી છે. તે ઉપરાંત ગઈ સાંજે પેથાપુર નજીક રાંધેજા વિદ્યાપીઠ પાસે એક સેન્ટ્રો ગાડીને અકસ્માત થતાં તેમાંથી બિયરના ટીન તુટતા દુર્ગંધ ફેલાઈ ગઈ હતી. બિયરની દુર્ગંધ સુંઘીને આસપાસના લોકો તથા રાહદારીઓએ અકસ્માતગ્રસ્ત કારમાંથી બિયરની લુંટ ચલાવી હતી. પોલીસ સ્થળ પર પહોંચી જતા રસ્તો સાફ થઈ ગયો હતો અને કારમાં વધેલી ૨૫૮ બિયર જપ્ત કરી રૂ. ૧.૨૫ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. આરોપી કાર મુકીને ભાગી ગયો હતો. તે ઉપરાંત પુન્દ્રાસણ પાસેથી ૨૦ બિયર અને ૧૨ દારૂની બોટલ સાથે પેથાપુર પોલીસે અરવિંદ ઉર્ફે ભદો ચમનજી ઠાકોરની દારૂ વેચતા ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

એસ.જી. ઈંગ્લિશ મિડિયમ સ્કૂલના વિદ્યાર્થીઓએ આબુમાં એડવેન્ચર કેમ્પમાં જોડાયા

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગરની એસ.જી. ઈંગ્લિશ મિડિયમ સ્કૂલના વિદ્યાર્થીઓએ તાજેતરમાં આબુ ખાતે એડવેન્ચર કેમ્પમાં ભાગ લીધો હતો અને શારીરિક તેમજ માનસિક ઘડતરના ભાગરૂપે વિવિધ પ્રવૃત્તિઓ કરી હતી.

આબુ ખાતે ચાર દિવસના એડવેન્ચર કેમ્પમાં એસ.જી. ઈંગ્લિશ મિડિયમ પ્રાયમરી સ્કૂલના ૨૨ વિદ્યાર્થીઓએ તાજેતરમાં ડબલ રોપ ક્રોસીંગ, રેપલિંગ રોક ક્લાઈમ્બિંગ, ઝીપ લાઈન, ટ્રેકિંગ કર્યું હતું. બાળકો શારીરિક અને માનસિક રીતે સક્ષમ બને તે આ કેમ્પનો ઉદ્દેશ હતો. બાળકોએ આ એડવેન્ચર કેમ્પમાં વિધ વિધ પ્રવૃત્તિઓ કરી કસરત અને કેમ્પફાયર સાથે પોતાની કૌશલ્ય શક્તિને નિકારી હતી. સમગ્ર કાર્યક્ષેત્રમાં શાળાના શિક્ષક રમેશભાઈ ગોહિલ, ચંદ્રેશ પટેલ અને કિન્નરીબેન દવેએ બાળકો સાથે કામ કરી કેમ્પને સફળ તથા યાદગાર બનાવ્યો હતો. આચાર્યા મિલિસિંહ દ્વારા દરેક શિક્ષક અને વિદ્યાર્થીઓને અભિનંદન આપવામાં આવ્યા હતા.

વધુ એક ઓઈલ ચોરને પાસામાં ધકેલાયો

ગાંધીનગર, તા. ૨૩

ઓએનજીસીમાંથી ઓઈલ ચોરી કરતાં એક ગેંગ અગાઉ પકડાઈ હતી. ગાંધીનગર એલસીબીએ દરખાસ્ત કરીને અગાઉ બે ઓઈલ ચોરોને પાસામાં વડોદરા જેલ ધકેલી નાંખ્યા હતા. તે ઉપરાંત વધુ એક ઓઈલ ચોરને પાસામાં મોકલવા દરખાસ્ત કરી હતી. મહેસાણા જિલ્લાના કડી વિસ્તારના આરોપી મહેન્દ્રજી જેણાજી ઠાકોરને પાસામાં મોકલવાની દરખાસ્ત થઈ હતી. તેની મંજુરી મળતા પી.આઈ. આશુતોષ પરમારની સુચનાથી તેમની ટીમ ઓઈલ ચોર મહેન્દ્રજીને પાસા હેઠળ વડોદરા જેલ ખાતે મુકી આવી છે.

ગાંધીનગર ટાઉનહોલ ખાતે રવિવારે વિશ્વકર્મા સમાજનો સ્નેહમિલન કાર્યક્રમ યોજાઈ ગયો. આ પ્રસંગે તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. 'સાચી મુડી સંબંધોની' નાટક રજુ કરવામાં આવ્યું હતું. આ સ્નેહમિલન કાર્યક્રમમાં જ્ઞાતિબંધુઓ અને આગેવાનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. (તસવીર : કશ્યપ નિમાવત)

ઓમલેન્ડ શાળાના બાળકોએ રાહેલબા વૃધ્ધાશ્રમની મુલાકાત લીધી

પોતાના કાળજાના ટુકડાથી દૂર વૃધ્ધાશ્રમમાં રહેતા વડીલોની ઓમલેન્ડ માર્ક સ્કૂલના વિદ્યાર્થીઓએ શુભેચ્છા મુલાકાત લીધી હતી. શાળાના બાળકોએ વડીલોની સાથે ગોષ્ઠી અને ગમ્મત કરી દિવસ વિતાવ્યો હતો. ચિલોડામાં આવેલ ઓમ લેન્ડ માર્ક સ્કૂલના વિદ્યાર્થીઓએ મગોડીમાં આવેલ રાહેલબા વૃધ્ધાશ્રમની મુલાકાત લીધી હતી. બાળકો પોતાના દાદા-દાદીની જેમ ખોળામાં રમતા થઈ ગયા હતા. થોડાક સમય માટે ઘરડાઘરમાં રહેતા વડીલો માટે પોતાના પૌત્રો રમતા હોય તેવુ ચિત્ર દેખાઈ આવ્યું હતું. બાળકોને પણ પોતાના દાદા-દાદીના ખોળામાં રમતા હોય તે રીતે ખોળામાં બેસીને વડીલોની છત્રછાયામાં વાર્તાઓ સાંભળી હતી. આ સમયે બાળકોની કાલીઘેલી ભાષા સાંભળી વડીલોનું હૈયુ ભરાઈ આવ્યું હતું. આ પ્રસંગે રાહેલબા વૃધ્ધાશ્રમમાં શાળા દ્વારા બે તિજોરી ભેટ આપવામાં આવી હતી. આ પ્રસંગે પ્રિન્સિપાલ ગોયલ અને સંસ્થાના સંચાલિકા નિર્મળાબેન ઉપસ્થિત રહ્યા હતા.

લાયસન્સ વગર ધમધમતી હોટલો પર એસઓજીના દરોડા

રાયસણ-કુડાસણની ત્રણ હોટલોના માલીકો સામે ગુનો દાખલ

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર નજીક કુડાસણ તથા રાયસણ વિસ્તારમાં લાયસન્સ વગર ધમધમતી હોટલો પર ગાંધીનગર એસ.ઓ.જી.ની ટીમે દરોડા પાડી સપાટો બોલાવ્યો છે. લાયસન્સ વગર ચાલતી ત્રણ હોટલો મળી આવતા ત્રણેયના માલીકો સામે ગુનો દાખલ કરીને કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે. તે ઉપરાંત એક મકાનમાલીક સામે ભાડુઆત અંગે પોલીસ સ્ટેશનમાં જાણ ન કરવા બદલ ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

રાયસણ પેટ્રોલ પંપ પાસે આવેલી વિલેજ વાટીકા નામની હોટલના માલીક ડાહ્યાભાઈ જેઠાભાઈ પટેલ, કુડાસણ ગામની સીમમાં સ્થિત સાવરીયા ભોજનાલાયના માલીક મોબુભાઈ હીરાજી રબારી અને કુડાસણ સ્થિત સ્મગ્લર-૨૭ પિઝા નામની હોટલના માલીક સુમિત દિનેશભાઈ પટેલ ત્રણેય હોટલ માલીકો સામે એસઓજીની ટીમે ગુનો દાખલ કર્યો છે. એસઓજી પી.આઈ. જે.ડી. બ્રહ્મભટ્ટની સુચનાથી તેમની ટીમે ચેકીંગ કરતા આ ત્રણેય હોટલો લાયસન્સ વગર ધમધમતી હોવાનું ખુલ્યુ હતુ. ત્રણેયના માલીકો સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે. તે ઉપરાંત ચિલોડા તિરૂપતી સોસાયટીમાં મકાન ભાડે આપીને પોલીસમથકે જાણ ન કરવા બદલ મકાન માલીક કૈલાશબેન પ્રમોદચંદ્ર ઉપાધ્યાય સામે ગુનો દાખલ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

પ્રાંચીને ખેલ મહાકુંભમાં સિલ્વર મેડલ મળ્યો

ગાંધીનગર, તા. ૨૩

ખેલ મહાકુંભ અંતર્ગત રાજ્યકક્ષાની ઈન્ટરસેક્યુઅલ ડીસેબલ સ્પર્ધા હિંમતનગરમાં યોજવામાં આવી હતી. સ્પર્ધામાં ગાંધીનગર સદભાવ શાળાની વિદ્યાર્થીની કુ. પ્રાચી પ્રકાશચંદ્ર મોદીએ ૨૫ મીટર રનીંગ સ્પર્ધામાં બીજુ સ્થાન મેળવી રજત ચંદ્રક મેળવી શાળાનું ગૌરવ વધાર્યું છે.

અડાલજ સ્થિત શનિસંકુલ ખાતે શનિવારે નિઃશુલ્ક ડાયાબીટીશ ચેકઅપ કેમ્પનું હર્ષ ચેરિટેબલ ટ્રસ્ટ અને એન.એસ.ડી. કેન્દ્ર દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું. (તસવીર : કશ્યપન નિમાવત)

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૭.૦૦
સૂર્યાસ્ત : ૫.૫૨

તાપમાન

મહત્તમ : ૩૨.૦ ડિ.સે.
લઘુત્તમ : ૧૪.૦ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૭૧ ટકા ● સાંજે ૪૦ ટકા

મનોરંજન

સીટી પલ્સ

: સ્ક્રીન-૧ :

હેપ્પી એન્ડીંગ : ૧૦.૦૦

: સ્ક્રીન-૨ :

હેપ્પી એન્ડીંગ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૩ :

ધ એક્વાલાઈઝર : ૧.૦૦, ૩.૪૫, ૬.૪૫, ૯.૩૦

: સ્ક્રીન-૪ :

હેપ્પી એન્ડીંગ : ૧૦.૦૦

કિલ/દિલ : ૧૨.૪૫, ૩.૩૦

જ્ઞાના કીરુક્કમ (તમીલ) : ૭.૦૦

રંગ રસીયા : ૧૦.૦૦

: સ્ક્રીન-૫ :

કીલ/દિલ : ૧૦.૦૦

હેપ્પી એન્ડીંગ : ૨.૦૦, ૫.૦૦, ૭.૪૫

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :

હેપ્પી એન્ડીંગ : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

સ્ક્રીન-૨ :

ટીટ્રો એમ.બી.એ. : ૧૦.૧૫, ૧.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

કિલ/દીલ : ૪.૧૫

સ્ક્રીન-૩ :

મની બેક ગેરન્ટી : ૧૦.૦૦, ૪.૦૦, ૭.૦૦

કિલ/દીલ : ૧. ૦૦, ૧૦.૦૦

આપની આજ

મેષ : વિચારોમાં સકારાત્મકતા અને આશાજનક પ્રવૃત્તિ રાખવી. મહત્વપૂર્ણ કાર્યોને પૂર્ણ કરશો. આત્મવિશ્વાસથી કાર્ય કરવું. સારા લોકોથી મુલાકાત થઈ શકે છે,

વૃષભ : તમારી બુદ્ધિ અને ખરા અનુમાન લગાવવાની ક્ષમતાને કારણે સફળતા અને સન્માન પ્રાપ્ત કરશો. કુટુંબના સદસ્યો તરફ ખાય ધ્યાન આપવું. પ્રબળ આત્મવિશ્વાસ તથા દૃઢ નિશ્ચયથી જટિલ કાર્યનો ઉકેલ આવશે.

મિથુન : સંતાન તરફથી સુખદ સમાચાર પ્રાપ્ત થશે. રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વમાં વધારો થઈ શકશે. કાર્યની પ્રત્યે ઉતાવળ અને બેદરકારી ન કરો.

કર્ક : આર્થિક સ્થિતિ મજબૂત બનતી જણાય. નોકરી- વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે. મિત્રોના સહયોગથી ઉદ્‌ભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે.

સિંહ : રાજકારણના ક્ષેત્રમાં પરિવર્તનથી અનુકૂળતા બનશે. આર્થિકક્ષેત્રે નવા આયોજનો થઈ શકે છે. વેપારમાં સમસ્યાઓ છતાં કાર્ય થવાનો યોગ.

કન્યા : શુભ મંગળ કાર્યોનો યોગ. આપ સાહસિત અને અથાગ પરિશ્રમમાં આપ માનો છો તેથી આર્થિક સ્થિતિને લઈને ચિંતા ન કરો. કૌટુંબીક સમસ્યાઓનું સમાધાન આવશે.

તુલા : આપનો પ્રભાવ વધવાથી શત્રુ પરાસ્ત થઈ શકે છે. ધૈર્યને કારને તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય. કુટુંબમાં વૃદ્ધ વ્યક્તિઓના આરોગ્ય તરફ ધ્યાન આપવું જોઈએ.

વૃશ્ચિક : પદ, પ્રતિષ્ઠા, ભવન, કુટુંબમાં માંગલિક કાર્યોનો વિશેષ યોગ. આપના થકી થયેલા અથાગ પ્રયત્ન અને પરિશ્રણ સાર્થક થશે. દિવસ પ્રસન્નતામાં પસાર થવાની શક્યતા છે. કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં યોગ્ય સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

ધન : સ્વયંની યોજના મુજબ કાર્ય કરવું. મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે. આવકના નવા સ્ત્રોત ઉભા થવાની સંભાવના છે. આળસ છોડીને કાર્ય સમય પર પૂર્ણ કરો.

મકર : ભાગ્યથી પ્રગતિ અને આધ્યાત્મિક લાભ થશે. સમ્માનમાં કમીના અવસરનો સંદેશ કાર્યની ગતિને પ્રભાવિત કરશે. વ્યપારમાં હાનિ થવાની સંભાવના છે. સાવચેતી અને સતર્કતા રાખીને કામ કરો. ધાર્મિક કાર્યોમાં સમય પસાર થશે.

કુંભ : ભૂમિ, વાહન, યંત્ર વગેરેથી લાભ થશે. વ્યાપારમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે. પોતાની વસ્તુઓ સંભાળીને રાખો. ધર્મ, આધ્યાત્મ પ્રત્યે આસ્થા વધશે.

મીન : બુદ્ધિથી મુશ્કેલીઓ દૂર થશે. આવકના સાધન પ્રાપ્ત થશે. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ મળી શકે છે. વ્યાપાર-વ્યવસાયમાં ભાગીદારીમાં નુકશાનકારક ન બને તેની કાળજી રાખવી.

ચિરવિદાય

- સ્વ. શોભનાબા સુરસિંહ ઝાલા (ઉ.વ.૫૫) પ્લોટ નં. ૨૧૩/૨, સેક્ટર-૬બી, ગાંધીનગર
- સ્વ. અજીતસિંહ નાથુસિંહ રાઠોડ (ઉ.વ.૫૮) મુ. અલુવા, તા. કલોલ, જી. ગાંધીનગર